## જન્મદિને વધામણી



સિત્બ કાદરી
રિપોર્ટર, જયહિંદ
મો. ૯૭૧૪૦ ૪૨૫૧૫



હેમંત કે. પોપટ
સભ્ય, જલારામ સેવા સમાજ



ધવલ તુષાર ધનેશ્વર
મો. ૯૪૨૬૪ ૫૯૨૬૬

## વડનગરા નાગર મંડળ દ્વારા ૩૧મીએ વિસરાઈ ગયેલી રમતો અને વન ભોજનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા આજના જમાનાના મોબાઈલફોનને રમતગમત કરતાં વિશેષ પ્રાધાન્ય આપતાં બાળકો અને યુવાનો માટે 'જૂની વિસરાઈ ગયેલી ભાતીગળ રમતો' અને 'વન ભોજન'નો કાર્યક્રમ તા. ૩૧ ડિસેમ્બર ને રવિવારના રોજ રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, આલમપુર, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. ભાતીગળ રમતો ઉપરાંત તમામ ઉંમરના જ્ઞાતિજનો માટેની રમતોનું આયોજન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જોડાવા સૌ વડનગરા નાગર જ્ઞાતિજનોને મંડળના પ્રમુખ પ્રહરભાઈ અંજારિયા તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### રંગોલી પ્રિસ્કૂલ દ્વારા

# અનોખો 'અભિવ્યક્તિ' કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૨૯

શિક્ષણક્ષેત્રનું અગ્રણી ગૃપ રંગોલી સમગ્ર ગુજરાતમાં ૬૮થી વધારે પ્રિસ્કૂલ્સ ધરાવે છે. બાળકોમાં અપાર સર્જનાત્મક શક્તિ રહેલી હોય છે. આ સર્જનાત્મકતાને બહાર લાવવાના ઉમદા આશયથી ગૃપ દ્વારા દર વર્ષે 'ક્રિએટીવ મેરેથોન' ઈન્ટર પ્રિસ્કૂલ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવે છે, જે અંતર્ગત બાળકો માટે ડાન્સ, ચિત્ર, કવિતા ગાન, સ્ટોરી ટેલિંગ અને સ્પેલ બી જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

તાજેતરમક્ત 'અભિવ્યક્તિ' શિર્ષક હેઠળ બાળકો માટે સ્ટોરી ટેલિંગ સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના યજમાન પદે યોજવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં રંગોલીના વેસ્ટ ઝોનની ૨૪ પ્રિસ્કૂલ્સનાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા નાટ્યકાર અને રાજ્ય સરકારના માન્યતાપ્રાપ્ત કલાકાર કુંતલ નિમાવત, રંગોલી પ્રિસ્કૂલ, સેક્ટર-૭ના ઈન-ચાર્જ કાનન પટેલ અને રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનાં શિક્ષક પૂજા રોહિલાએ પોતાની સેવાઓ આપી હતી.

પ્રેક્ષકોને અભિભૂત કરનારી બાળકોની આ અભિવ્યક્તિને માણવા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલના એનએસએસના ૨૫ વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કેમ્પસમાં સફાઈ હાથ ધરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના કન્વીનર દિનેશભાઈ પટેલ, સંજયભાઈ ત્રિવેદી અને આચાર્ય વિનોદભાઈ દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવી નિત્ય સ્વચ્છતા માટે આગ્રહ કરવામાં આવ્યો હતો.

# લાયન્સ ક્લબ દ્વારા નેત્ર-ડાયાબિટીસ નિદાન કેમ્પ






લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા બાપુપુરા મુકામે ૨૭મા નેત્ર નિદાન, ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૨૬૫ દર્દીઓની આંખોની તપાસ, ૧૨૫ને ચશ્માંનું વિતરણ, ૧૩ મોતિયાના ઓપરેશન, ૨૨૦ દર્દીઓની ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી. આ ઉમદા કાર્ય માટે લાયન્સ કર્ણાવતી આઈ હોસ્પિટલ અને હાજર ડોક્ટર્સ, સ્ટાફ અને ગામના સરપંચ, ગ્રામજનો; લાયન્સ મિત્રો નયન મધુકર - પ્રમુખ, ડૉ એ આર પટેલ, ડૉ દિલીપ ત્રિવેદી, ઉમંગ પંડ્યા, રઘુસિંહ ગોલ, કે પી પ્રજાપતિ, બિપિન પટેલ, રામચંદ્ર વ્યાસ, પ્રીતિબેન વ્યાસ, નટવરલાલ સોલંકી, ઉપેન્દ્ર સોલંકી, કિશન ચૌધરી, નિકુલ ચૌધરી દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

### રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા

# સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૩૦ ખાતે નિઃશુલ્ક મેડિકલ ચેક-અપ કેમ્પ




ગાંધીનગર, તા. ૨૯

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા શુક્રવારે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ (આંખોની ચકાસણી, નિદાન તેમજ સારવાર)નું આયોજન સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૩૦ ખાતે કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમમાં કુલ ૧૩૭ વિદ્યાર્થીઓને તથા તમામ શિક્ષકગણને આવરી લેવામાં આવ્યા હતા. રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ડૉ. દિપકભાઈ બારોટ, જોઈન્ટ સેક્રેટરી દિનેશભાઈ બારોટ અને પ્રેરણા બાયોઈનોવેશનના કર્મચારીઓ તથા આઈ કેર સેન્ટરના કર્મચારીઓએ ઉષ્માભેર આ મેડિકલ કેમ્પમાં ભાગ લીધો હતો.

રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના યુવા પ્રમુખ ડૉ. દિપક બારોટના નેતૃત્વમાં આગામી ૬ માસમાં અનેક ફ્રી મેડિકલ કેમ્પ અને બાળકોના લાભાર્થે અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હોવાની માહિતી ક્લબ દ્વારા આપવામાં આવી છે.

# અમદાવાદમાં ૩૧મીએ યોગ અંગેના વિશિષ્ટ ગ્રંથનું વિમોચન

## આચાર્ય હરિભદ્રસૂરિજી વિરચિત યોગબિન્દુના હિન્દીમાં અનુવાદિત ગ્રંથનું વિમોચન સવારે ૧૦ વાગ્યે અટીરા ઓડિટોરિયમ

ગાંધીનગર, તા. ૨૯

આચાર્ય હરિભદ્રસૂરિજી વિરચિત યોગબિન્દુ ગ્રંથના હિન્દીમાં અનુવાદિત ગ્રંથનું વિમોચન સમારોહ ૩૧મી ડિસેમ્બરે સવારે ૧૦ વાગ્યે અટીરા ઓડિટોરિયમ, ગુજરાત યુનિ.પાસે યોજાશે. શ્રુતરત્નાકર ટ્રસ્ટ આયોજિત આ વિમોચન સમારોહમાં આ ગ્રંથનું વિમોચન જૈન ધર્મના વિદ્વાન ડો.બિપિન દોશી, જાણીતા ઉદ્યોગપતિ પ્રકાશભાઈ સંઘવીના હસ્તે થશે. આ ગ્રંથનો હિન્દી અનુવાદ ૨૦મી સદીના મહાન સાધ્વી મૃગાવતીશ્રીજીના વિદુષી શિષ્યા, સુવ્રતાશ્રીજીએ કર્યો છે. ગ્રંથનું સંપાદન જૈન વિદ્વાન જિતેન્દ્ર બી. શાહે કર્યુ છે. યોગના રહસ્યો જાણવા આ ગ્રંથનું અધ્યયન કરવું અત્યંત આવશ્યક છે. આચાર્ય હરિભદ્રસૂરિજીએ સાતમી સદીમાં યોગના રહસ્યો અને યોગનું માહાત્મ્ય અને યોગની વ્યાખ્યા વિશદ્રૂપે સ્પષ્ટ કરી આ ગ્રંથનું નિર્માણ કર્યુ છે. યોગ માટે પતંજલિની અષ્ટાંગ પદ્ધતિથી તદન ભિન્ન એવી પદ્ધતિ આ ગ્રંથમાં વર્ણવવામાં આવી છે. આ ગ્રંથમાં અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિ સંક્ષય—એ પાંચ વિષયો પર વર્ણન કરાયું છે. અધ્યાત્મ એટલે સાધકની આત્મલક્ષી પ્રવૃત્તિ, ભાવના એટલે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવથી વ્યવહાર કરવો. જેનાથી મનનાં વિચારો પવિત્ર બને છે અને જગતનાં અનિત્યપણાંની ભાવના ભાવવી, એકત્વ વગેરે ભાવો ભાવીને જગતનાં સ્વરૂપનો વિચાર કરવો. પ્રભુની પ્રતિમા, ઓમકાર કે ચિત્તને એકાગ્ર કરી આજ્ઞાચક્રમાં દીપકની જ્યોતનું ધ્યાન કરવું. આમ કરવાથી ચંચળ મન શાંત થાય છે, તણાવ-હતાશા-નિરાશા જેવા માનસિક ભાવોનું શમન થઈ જાય છે અને ચિત્ત સમત્વ તરફ આગળ વધે છે. જે ત્રીજા તબક્કામાં પ્રવેશે છે, તેનું નામ સમતા છે. આ સ્થિતિમાં સાધક સુખ અને દુઃખને, લાભ અને અલાભને, શત્રુ અને મિત્રને, જય અને પરાજયને સમદૃષ્ટિથી જુએ અને જીવે છે. અંતે, બંધન અને મુક્તિમાં પણ સમત્વ પેદા થાય છે. આવું સમત્વ જ વૃત્તિઓનું સંપૂર્ણ ક્ષય કરી, આત્મસાક્ષાત્કાર તરફ દોરી જાય છે.




(૧) નવરચિત ગુજરાતના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા કુલ કેટલી છે ?
(એ) ૨૦
(બી) ૧૯
(સી) ૧૮
(ડી) ૧૭

(૨) રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી પાસે નીચે પૈકી કયું ખાતું નથી?
(એ) ગૃહ (બી) કલ્પસર
(સી) ક્લાઈમેટ ચેન્જ (ડી) ઉદ્યોગ

(૩) ગુજરાતમાં વૈધાનિક અને સંસદીય બાબતોના કેબિનેટ કક્ષાના મંત્રી કોણ છે ?
(એ) સૌરભ પટેલ (બી) પ્રદિપસિંહ જાડેજા
(સી) ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (ડી) કૌશિક પટેલ

(૪) મંત્રી આર સી ફળદુ પાસે નીચે પૈકી કયું ખાતું છે ?
(એ) ગૃહ (બી) નાણા
(સી) શ્રમ રોજગાર (ડી) વાહન વ્યવહાર

(૫) રાજ્યના પ્રોટોકોલ મંત્રી કોણ છે ?
(એ) નીતિન પટેલ (બી) વિજય રૂપાણી
(સી) પ્રદિપસિંહ જાડેજા (ડી) બચુભાઈ ખાબડ

(૬) ગુજરાત રાજ્યકક્ષાના કુલ મંત્રીઓની સંખ્યા કેટલી છે ?
(એ) ૭ (બી) ૮
(સી) ૯ (ડી) ૧૦

(૭) ગુજરાત રાજ્યના ખેલમંત્રી કોણ છે ?
(એ) ઈશ્વરસિંહ પટેલ (બી) ઈશ્વરભાઈ પરમાર
(સી) જયેશ રાદડિયા (ડી) વિભાવરીબેન દવે

(૮) મંત્રી પરબતભાઈ પટેલ પાસે નીચે પૈકી કયું ખાતું છે ?
(એ) પવિત્ર યાત્રાધામ (બી) સિંચાઈ, પાણી પૂરવઠા
(સી) કૃષિ (ડી) સહકાર

(૯) ગુજરાત રાજ્યના નવા મહેસૂલ મંત્રી કોણ છે ?
(એ) નીતિન પટેલ (બી) સૌરભ પટેલ
(સી) કૌશિક પટેલ (ડી) ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

(૧૦) ગુજરાતના કેબિનેટ કક્ષાના મહિલા અને બાળવિકાસ મંત્રી કોણ છે ?
(એ) વિભાવરીબેન દવે (બી) વાસણભાઈ આહિર
(સી) કિશોર કાનાણી (ડી) ગણપતસિંહ વસાવા

## રિઝર્વવોયર ઓફ ઈન્ડિયન ઈલેક્ટ્રોનિક થિસીસ અને ડેઝર્ટેશનની

# રાષ્ટ્રીય કક્ષાની અગત્યની કોન્ફરન્સ ગાંધીનગરમાં યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

દેશભરની યુનિવર્સિટી તથા કોલેજોમાં તથા સંશોધનો - મહાનિબંધ અને લઘુનિબંધના મુખ્ય સ્ત્રોત શોધગંગાનો વ્યાપ અને વિસ્તાર જે યુનિવર્સિટીઓએ સમજૂતી કરાર નથી કર્યા તે તમામ યુનિવર્સિટીઓ સુધી પણ વિસ્તારી અને દેશભરની પીએચડી થિસીસ કે ડેઝર્ટેશન તમામ માટે ઉપલબ્ધ બનાવવા અંગેનો નિર્ણય ગાંધીનગર ખાતે આયોજિત રિઝર્વવોયર ઓફ ઈન્ડિયન ઈલેક્ટ્રોનિક થિસીસ અને ડેઝર્ટેશનની રાષ્ટ્રીય કક્ષાની અગત્યની કોન્ફરન્સમાં લેવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અને ટીચર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા દ્વારા આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય પુરસ્કૃત અને યુજીસી સંચાલિત રાષ્ટ્રકક્ષાના ઈન્ફર્મેશન અને લાયબ્રેરી નેટવર્ક સેન્ટર ખાતે આયોજિત આ કોન્ફરન્સમાં દેશના તમામ રાજ્યોમાંથી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈનફ્લીબનેટના નિર્દેશક જગદીશ અરોરા દ્વારા આયોજિત આ કોન્ફરન્સમાં સિનિયર સાયન્ટિસ્ટ મનોજકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. કમલેશ જોશીપુરાએ ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે શોધગંગા પ્રોજેક્ટને કારણે વિવિધ વિષયોમાં થતાં સંશોધનો અને પીએચડીની થિસીસ તેમજ ડેઝર્ટેશન હવે દેશમાં હરકોઈ માટે ઉપલબ્ધ બન્યા છે અને પ્રત્યેક યુનિવર્સિટીમાં આ બાબત ફરજિયાત પણ બનાવવામાં આવી છે, જેને કારણે સંશોધક પણ વધુ ઉપયોગી અને વાસ્તવિક સંશોધન તરફ વળશે. એટલું જ નહીં પરંતુ પુસ્તકોમાંથી કે અન્યના સંશોધનમાંથી સીધી નકલ કરીને પોતાના નામે પ્રકાશન કરવામાં આવતું હતું તે પ્રવૃત્તિ ઉપર પણ વ્યાપકપણે અંકુશ આવશે. કોણે સંશોધન કર્યુ, શું સંશોધન કર્યું તે સૌને માટે ઉપલબ્ધ હોવાથી અને સૌ વાંચી શકે, જોઈ શકે તે સ્થિતિ હોવાને કારણે સંશોધકો વધુ ચોક્કસ બનશે તેમાં કોઈ શંકા નથી.

ઈનફ્લીબનેટ દ્વારા હજુ વધુ સારી બને તે દિશામાં ખાસ આયોજન કરવા પણ ભાર મૂકાયો હતો અને પ્રત્યેક થિસીસની સાથે યુનિવર્સિટીમાં આ અંગેનો રિપોર્ટ મૂકવામાં આવે છે તેનો વ્યાપ સમજૂતી કરારમાં નહીં ઉતરેલ પ્રાઈવેટ યુનિવર્સિટીઝ સુધી પહોંચે તે અર્થે ખાસ વિચાર કરવામાં આવ્યો હતો.

મનોજકુમારે જણાવ્યું હતું કે વર્તમાન સ્ટેટ યુનિવર્સિટીઝે ઉત્કૃષ્ટ કામગીરી અને શોધગંગા ડિપોઝીટરીમાં ૧,૭૩,૦૦૦ કરતાં વધારેની સંખ્યામાં ડિઝીટલાઈઝ ગ્રંથો ઉપલ્બધ બનાવ્યા છે, હવે પછી ખાસ કરીને પ્રત્યેક સંશોધક પણ શોધગંગા ઉપર રજિસ્ટ્રેશન કરાવી અને પોતાની થિસીસ સીધી સબમીટ કરાવી શકે તે માટે યોજના છે. આ રીતે ઈનફ્લીબનેટને પ્રાપ્ત થયેલી થિસીસને ડેટામાં કન્વર્ટ કરી અને પછી સૌ માટે ઉપલબ્ધ બનાવવામાં આવે છે. શોધગંગા પ્રકલ્પ ઉચ્ચ કક્ષાના સંશોધનો માટે ખૂબ જઉપયોગી સાબિત થયો છે.

શોધગંગા પ્રકલ્પ એ ઓપન એક્સેસ ડિપોઝીટરી છે અને ભારતમાં આ રીતે એકત્ર થયેલી થિસીસ વિશ્વભરમાં ઉપલબ્ધ બનાવાઈ છે. આ ઉપરાંત ૨.૬૬ લાખ પુસ્તકોની વિગતના ડેટા પણ એમાં સામેલ કરાઈ છે. હાલમાં હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, મરાઠી, મલયાલમ, તામિલ, ઉર્દૂ સહિતની ભાષાઓમાં આ શોધગંગાની માહિતી ઉપલબ્ધ બનાવાઈ છે. શોધગંગાને કારણે સંશોધનના ક્ષેત્રમાં આગામી સમયમાં ખૂબ જ સક્ષમ વ્યવસ્થા ઊભી થશે તે નિઃશંક બાબત છે.